# ૯૧.૨૮ લાખની જૂની નોટો સાથે છ પકડાયા

## ગાંધીનગરના ૩ સહિત અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ પકડેલા છ શખ્સો પકડ્યા

ગાંધીનગર, તા. ૧૫

અમદાવાદ ગ્રામ્ય એસઓજીની ટીમે આજે બાકરોલ રીંગ રોડ સર્કલથી ધોળકા રોડ તરફ જતા માર્ગ પરથી સેવરોલેટ ક્રુઝ ગાડીમાં બંધ થઈ ગયેલી જૂની નોટોના બંડલોનો રૂ. ૯૧.૨૮ લાખનો થેલો ભરીને જતા છ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા છ શખ્સો પૈકી ત્રણ શખ્સો ગાંધીનગર વિસ્તારના હોવાનુ ખુલ્યુ છે. પોલીસે રૂ. ૯૬.૫૭ લાખના મુદ્દામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ ગ્રામ્ય એસ. ઓ. જી.ની ટીમે બાતમીને આધારે બાકરોલ રીંગ રોડ સર્કલથી ધોળકા તરફના રોડ પર આવેલા જૈન દેરાસર પાસે વૉચ ગોઠવીને સેવરોલેટ ક્રુઝને કોર્ડન કરીને પકડી પાડી હતી. ગાડીમાંથી છ શખ્સો પકડાયા હતા. ડેકીમાં તપાસ કરતા અંદરથી રૂ. ૫૦૦ની જુની ૧૨,૭૮૫ નોટો અને રૂ. ૧૦૦૦ની જુની ૨૭૩૬ નોટો મળી આવી હતી. જુની નોટોના બંડલો વિમલ પાન મસાલાના થેલીમાં કસોકસ ભરીને મુક્યા હતા. જુની બંધ થયેલી રૂ. ૯૧,૨૮,૫૦૦ની નોટો તથા ૫ લાખની ગાડી અને રૂ. ૨૯ હજારના ૭ નંગ મોબાઈલ મળી રૂ. ૯૬,૫૭,૫૦૦ના મુદ્દામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમાં બોડકદેવના દિપક જગદીશ વાઢીયા, ઠક્કરબાપા નગરના પ્રકાશ સેવકરામ પારવાણી, માણેક ચોક માંડલીની પોળમાં રહેતા પીયુષ કાંતી કંસારા મળી ત્રણ અમદાવાદીઓની ધરપકડ કરી લેવાઈ હતી.

તે ઉપરાંત આ ગેંગમાં અન્ય ત્રણ શખ્સો ગાંધીનગરના હતા. મુળ ધોળાકુવાના વણઝારા વાસમાં રહેતા અને હાલ સે. ૩-ડી હાઈટેક હોસ્પિટલ પાછળ રહેતા ગોવિંદ કનુ વણઝારા, સરગાસણ પ્રજાપતિ વાસમાં રહેતા અલ્પેશ રશિક પ્રજાપતિ તથા મુળ કલોલ તાલુકાના બાલવા ગામનો અને હાલ સેક્ટર-૪ પ્લોટ નં. ૮૪૪/૨ ખાતે રહેતા જયેન્દ્ર ઈશ્વરસિંહ વાઘેલા ત્રણેય ગાંધીનગરના આ શખ્સો આ ગેંગમાં સામેલ હતા. અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ ગાંધીનગરના ત્રણ સહીત છ શખ્સોની ધરપકડ કરી ઊંડી પુછતાછ શરૂ કરી છે.







જય રણછોડ - ભગવાન જગન્નાથની રથયાત્રાનું કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે... ભગવાનના રથને સજાવટ કરવાની કામગીરીને આખરી ઓપ અપાઈ રહ્યો છે...

## ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ હજુ કાગળ પર પણ આખરી થયો નથી

**હોલના રીનોવેશન માટે ટુંકમાં નકશા ડિઝાઇન તૈયાર કરવા માટે એજન્સીને કામ સોંપાશે**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં સે-૧૭ સ્થિત ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ હજુ કાગળ પર જ છે. છેલ્લા ચાર વર્ષથી ટાઉનહોલના રીનોવેશનની વાતો થાય છે. પરંતુ આ મામલે ઝડપથી કાર્યવાહી ન થતા રીનોવેશનની યોજના હજુ કાગળ ઉપર પણ આખરી થઈ નથી. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ ટાઉનહોલના રીનોવેશન પ્રોજેકટને આખરી કરવા માટે ટુંકમાં જ નકશા ડિઝાઈન તૈયાર કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા પાંચ વર્ષથી વિવિધ સંસ્થાઓ, કલાકારો તેમજ શ્રોતાઓ માટે માથાના દુખાવારૂપ બન્યો છે. ત્યારે સાંકડી બેઠક વ્યવસ્થા, બંધ એસી અને સ્ટેજ સુવિધાઓના અભાવ વચ્ચે ટાઉનહોલમાં કાર્યક્રમનુ આયોજન કરતી સંસ્થાઓ અને આયોજકો તોબા પોકારી ગયા છે. ટાઉનહોલના રીનોવેશન માટે

● અનુસંધાન પાન-૭ પર

## ટાઉનહોલમાં બફારા અને દુર્ગંધયુક્ત માહોલથી ત્રસ્ત શ્રોતાઓ હોલ છોડી નિકળી જાય છે

ગાંધીનગર તા ૧૫

શહેરના એકમાત્ર ટાઉનહોલમાં છેલ્લા ઘણાં સમયથી એસી બંધ રહેતા આકરી ગરમી અને બફારમાં શ્રોતાઓ અકળાઈને હોલ છોડી ચાલ્યા જાય છે. ગરમીના લીધે ગુંગળામણ અનુભવતા શ્રોતાઓ વધુ સમય હોલમાં બેસી ન શકતા આયોજકો અને સંસ્થાઓના પૈસા પણ પાણીમાં જાય છે. સે-૧૭ સ્થિત ટાઉનહોલના રીનોવેશન યોજના છેલ્લા ચાર વર્ષથી કાગળ પર જ છે. ત્યારે કંગાળ ભાસતા ટાઉનહોલમાં સુવિધાના નામે મીંડુ હોવાથી શ્રોતાઓ ત્રાહીમામ પોકારી ગયા છે. ગઈકાલે રાત્રિના પણ જલારામ સેવા સમાજ આયોજિત નાટકના કાર્યક્રમ દરમિયાન ટાઉનહોલનુ એસી બંધ હોવાના લીધે સમાજના સભ્યો અકળાયા હતા. જયારે આકરા બફારાથી બેચેન શ્રોતાઓ હોલ છોડી દેવા મજબુર બન્યા હતા. ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ હજુ ડેડ હાલતમાં હોય તેવી સ્થિતિ છે. ત્યારે ટાઉનહોલમાં એસી હોલનુ ભાડુ ચુકવી કાર્યક્રમ આયોજિત કરતી સંસ્થાઓએ પણ ગરમીમાં બેહાલ થવાનો વારો આવ્યો છે. થોડા સમય અગાઉ પણ એક કાર્યક્રમ દરમિયાન ગરમીથી ત્રસ્ત શ્રોતાઓએ હોબાળો મચાવ્યો હતો.

## શહેર-જિલ્લાના સાત હજાર નાગરિકો અમદાવાદમાં યોગાના કાર્યક્રમમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાંથી હવે સાત હજાર લોકો અમદાવાદ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. આ માટે પણ તંત્રને હાલ લોકો ભેગા કરવામાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યાનુ બહાર આવ્યુ છે.

વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વિશ્વવિક્રમ બનાવી ગ્રિનીજ બુક ઓફ રેકર્ડમાં ગુજરાતનુ નામ આવે તે માટે અમદાવાદ-ગાંધીનગરનો કાર્યક્રમ સંયુક્ત રીતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પહેલા ૧૭ હજારનો લક્ષ્યાંક તંત્રને આપવામાં આવ્યો હતો પરંતુ હવે તેમાં ઘટાડો કરીને સાત હજાર કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સાત હજારના લક્ષ્યાંકને પહોંચવા માટે તંત્રએ શાળાના બાળકો, તબીબો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને સામાજિક સંગઠ્નોનો સંપર્ક શરૂ કરી દીધો છે. તંત્ર દ્વારા આ માટે ૧૨૦થી વધુ બસોની જરૂરિયાત રહેશે અને તે અંગેની પણ વ્યવસ્થાઓ એસ.ટી. નિગમ સાથે ચાલી રહી હોવાનુ જાણવા મળેલ છે. આ માટે ખાસ રૂટો પણ નિયત કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગા ડે ની ઉજવણીના કાર્યક્રમોનું તેમજ તાલુકા મથકોએ પણ ઉજવણીના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાથી આટલી મોટી સંખ્યામાં અહિથી માણસો લઈ જવા સહિત અને સંખ્યા કરવાના મુદ્દે તંત્ર દ્વારા ભારે કવાયત હાથ ધરવામાં આવી છે.

## રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી ૨૯૭ વિકાસકામો શરૂ કરવા વહીવટીય મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિવાદ જગાવનાર રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસકામો શરૂ કરવા અંગે આજે તંત્ર દ્વારા ૨૯૭ કામોને વહીવટીય મંજૂરી આપવામાં આવી છે. જે પાછળ રૂ. ૭ કરોડ ૩ લાખનો ખર્ચ થશે.

આ ઉગાઉ ૧.૮૦ કરોડના ૮૦ કામોની વહીવટીય મંજૂરી આપવામાં આવી હતી. આમ હવે આ ગ્રાન્ટમાંથી રૂ. ૮ કરોડ ૮૩ લાખના કામો ટુંક સમયમાં જ શરૂ થશે. બાકી રહેલા કામોનો તાંત્રિક

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં હજુ પણ ૪૩૦ જેટલા જોખમી આવાસો તોડી નાંખવામાં આવશે

**નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ પણ ભયજનક આવાસોની સંખ્યા વિશેષ : જોખમી આવાસો તોડી નાંખવા માટે વિચારણા**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા આવાસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી હજુ પણ જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. સેકટરોમાં વિવિધ કેટેગરીના હજુ ૪૩૦ જેટલા મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ છે. અલબત્ત માર્ગ મકાન વિભાગ દ્વારા આ આવાસોને તોડી નાંખવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



ગ્રીન ગાંધીનગર - દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસાના આરંભે વૃક્ષારોપણનો લક્ષ્યાંક ઉંચો રખાયો છે... ગ્રીન ગાંધીનગરનું બિરૂદ પાછુ લેવા સામુહિક અભિયાન આરંભવાનો નમ્ર પ્રયાસ થાય છે... વન તંત્ર દ્વારા રોપાઓનું વિતરણ રોજેરોજ મોટી સંખ્યામાં થઈ રહ્યું છે... વન વિભાગની નર્સરીઓમાંથી સેક્ટરોની સંસ્થાઓ અને શાળા - કૉલેજોમાં વૃક્ષારોપણ માટે પસંદગીના રોપાઓનું વિતરણ થઈ રહ્યું છે... શહેરમાં વૃક્ષો વવાય છે વધુ પરંતુ એના ઉછેર માટે હજુ પણ ગંભીરતા નથી આવતી... નાગરિક ધર્મના ભાગરૂપે શહેરનો પ્રત્યેક નાગરિક એક-એક વૃક્ષ જો દત્તક લે તો આવનારા બે વર્ષોમાં ગાંધીનગર પુનઃ ગ્રીન સીટીનું બિરૂદ સરળતાથી પાછુ મેળવી શકે એમ છે...

## ટોરેન્ટની વિજબીલ વધારાની દરખાસ્તને જર્કે નામંજુર કરી : ગ્રાહકાને ફાયદો

**શહેર વસાહત મહામંડળે અનેક રજુઆત કરી હતી : વિજનિયમન પંચનો આભાર માન્યો**

ગાંધીનગર તા ૧૫

ગુજરાત વિજ નિયમન પંચ સમક્ષ ટોરેન્ટ પાવર દ્વારા વિજભાવવધારા માટે કરેલી અરજી જર્કે નામંજુર કરી દીધી છે. આ મામલે ગ્રાહકોના હીતને ધ્યાને લઈ શહેર વસાહત મહામંડળ દ્વારા પણ અનેક રજુઆત કરવામાં આવી હતી. મહામંડળે આ નિર્ણયને આવકારી વિજનિયમન પંચ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગુજરાત વિજ નિયમન પંચ સમક્ષ ટોરેન્ટ પાવર કુ દ્વારા પ્રતિવર્ષ ભાવવધારાની રજુઆત કરવામાં આવે છે. જયારે વર્ષ ૨૦૧૭-૧૮ ને અનુલક્ષીને પણ આ મામલે રજુઆત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર, અમદાવાદ ,સુરતના ગ્રાહકોએ પણ વિરોધની લાગણી વ્યકત કરી હતી. જો કે ટોરેન્ટની આ રજુઆતને જર્ક કક્ષાએથી ગ્રાહય રાખવામાં આવી નથી. જયારે ગ્રાહકોના આ હીતના નિર્ણયના લીધે રૂ ૧૧૪૫ કરોડનો આર્થિક બોજ પડતો અટકયો છે. આ અંગે શહેર વસાહત મહામંડળે પણ અનેકવાર રજુઆત કરી હતી. જર્કના આ નિર્ણયને મહામંડળે આવકારી આભારની લાગણી વ્યકત કરી છે. ફ્યુલચાર્જ તેમજ અન્ય જગ્યાએથી પાવર ખરીદવાનો અલગ ચાર્જ વસુલ કરવા સામે પણ ટોરન્ટને મનાઈ ફરમાવામાં આવી છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Gujarat State Petronet Limited
VEHICLES FOR SALE
Following Gujarat State Petronet Limited Vehicles are for Sale on as is where is basis

| Sr. No. | Vehicle Registration No. | Type of Vehicle | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1 | GJ-06XX-6352 | Bolero Camper | 2010 | 1,60,000.00 |
| 2 | GJ-18AU-4080 | Tata 207 | 2011 | 75,000.00 |
| 3 | GJ-18AT-2184 | Bolero Camper | 2010 | 1,60,000.00 |
| 4 | GJ-18AB-5654 | Mahindra Scorpio | 2006 | 90,000.00 |
| 5 | GJ-18AB-9051 | Maruti Esteem LXI | 2007 | 60,000.00 |
| 6 | GJ-18AB-7309 | Toyota Innova 2.5 V | 2006 | 2,00,000.00 |
| 7 | GJ-18AC-6740 | Toyota Innova 2.5 V | 2008 | 2,50,000.00 |
| 8 | GJ-18AC-9267 | Mahindra Scorpio | 2009 | 2,25,000.00 |
| 9 | GJ-18U-9771 | Swaraj Mazda CNG 25 Seat 2 X 1 (AC) | 2005 | 1,75,000.00 |
| 10 | GJ-18P-9476 | Bajaj Pulsar | 2006 | 6,000.00 |
| 11 | GJ-18P-9475 | Bajaj Pulsar | 2006 | 6,000.00 |

Interested parties may inspect the vehicles at the parking space of GSPL Bhavan, at given below address during 11 am to 5 pm. on working day. The offers for purchase of vehicle/vehicles may be submitted in a sealed cover with (EMD) Earnest Money Deposit of Rs. 5000/- (Five Thousand Only) for HMVs / LMVs and Rs. 1000/- (One Thousand Only) for Two Wheeler by Demand Draft for each vehicle in favour of Gujarat State Petronet Limited payable at Gandhinagar latest by 5:00 pm on or before 23/06/2017. Bidders should quote value which is higher than the Minimum Base Value mentioned above. The bidders are requested to mention **"Offer for Purchase of Vehicle"** on top of the sealed cover for identification.
The company reserves its right to reject any or all the offers without assigning any reason.
The Group Executive Director (HR, Admin & Operations)
**Gujarat State Petronet Limited**
E-18, Electronic Estate, Nr. K-7 Circle, GIDC, Sector-26, Gandhinagar-382028.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com